# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજોમાળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

suratdeo@gmail.com ૬૧-૨૬૬૨૯૦૨

web :-www.suratdeo.org


જા.નં. મા-૨/૨૦૨૬/ 8825 તા. 29 /૦૬/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ, જિ.સુરત

આ સાથે સામેલ DISTRICT COMMUNITY SCIENCE CENTRE- SURAT નાં પત્ર ક્રમાંક: CSC-Srt/Cir.sch/Yr.2026-27/10 તા.૧૧/૦૬/૨૦૨૬ અન્વયે જાણ તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત

**DISTRICT COMMUNITY SCIENCE CENTRE –SURAT**
**(Supported by: Smt. KV Mangukiya Vidhyalaya)**
Add: Smt. KV Mangukia Vidhyalaya, Hostel C-Block, Nr. Akshardham Mandir(New), At. Jothan, Surat-394520(Guj.) mo.7567924501, 9925735057 ,E-mail: jaybharaticsc@gmail.com,
**CSC-Surat**
**Supported by: KVMS**

Ref. no. CSC-Srt/Cir.sch./ Yr.2026-27/10 Date: 11/06/2026

પ્રતિ. આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક તથા ઉ.માધ્યમિક શાળાઓ(તમામ), જિ. સુરત

વિષય: જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર(**DCSC**)-સુરતના નવા સ્થળ/સરનામાની જાણ તથા આપની શાળાના વિદ્યાર્થીઓને મુલાકાત માટે આમંત્રણ બાબત

જયવિજ્ઞાન સહ જણાવવાનું કે જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર(**DCSC**)-સુરત છેલ્લા 22 વર્ષથી સુરત ખાતે કાર્યરત છે તેનાથી આપ સૌ અવગત હશો જ, જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર-સુરત છેલ્લે પીપલોદ ખાતે કાર્યરત હતું, પણ હવે તમામ વિભાગ જેમકે સાયન્સ મોડલ્સ મ્યુઝિયમ, સાયન્સ ગેલેરી, લાઈબ્રેરી, ઓફિસ, અન્ય જગ્યાએ એટલેકે શ્રીમતી કે.વી. માંગુકિયા વિદ્યાલય, **BAPS** સ્વામિનારાયણ અક્ષરધામ મંદિર પાસે, જોથાણ ખાતે નવા કેમ્પસમાં સ્થળાંતરિત કરેલ છે/ સેટઅપ કરેલ છે,

આ શાળા ધો.1 થી12 (ગુજરાતી, અંગ્રેજી માધ્યમ) એક વિશાળ જગ્યમાં શૈક્ષણિક સંકુલમાં ચાલે છે, જ્યાં ગૌશાળા, ખેતીવાડી, 600 વિદ્યાર્થીઓ રહી શકે તેવી હોસ્ટેલ/ભોજનાલયની સુવિધા, એક આદર્શ પ્રાકૃતિક વાતાવરણમાં બાળકો અભ્યાસ કરી શકે તેવી અનેક સુવિધાઓ સાથેનું શાળા અદ્યતન સંકુલ છે,

આ શાળા એક "હરિત શાળા(**Green School**)" તરીકે મોડેલ પણ કહી શકાય તેમ કેમ્પસમાં અનેક વૃક્ષોથી ઘેરાયેલ, મોટા બાગ-બગીચા, વિશાલ કદના બે બાયોગેસ પ્લાન્ટ, 130Kw. ની સોલાર પેનલ પ્લાન્ટ, 100 જેટલી સોલાર સ્ટ્રીટલાઈટ, સોલાર વોટર હીટરપ્લાન્ટ, વિશાલ રમતગમત માટેનું મેદાન સુવિધા સાથેનું આદર્શ શૈક્ષણિક સંકુલ છે,

સુરત શહેરની કોઈ પણ શાળાઓ તેના વિદ્યાર્થીઓને મુલાકાત માટે જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અને અમારી KVMS શાળાની મુલાકાત લેવા ઈચ્છતા હોય તેઓ 5-6 દિવસ પહેલા સામેલ રાજી. ફોર્મ વિગત ભરી ઉપરોક્ત ઇમેલ કે વોટસએપ નં. પર મોકલી તા./સમય અંગે પૂર્વ-મંજુરી લેવાની રહેશે, આ નવા સ્થળની મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને પર્યાવરણ સંરક્ષણ, ઊર્જા બચત/હરિત ઊર્જા અને અને પ્રાકૃતિ અંગે ખૂબ જ સારૂં જ્ઞાન/વિજ્ઞાન, એક્પોસર મળી રહેશે,

આભાર સહ.....

Director / Chairman
District Community
Science Centre-Surat

જી. એન. કાકડિયા, ડાયરેક્ટર-DCSC &

**Liaison head, (science Program -KVMS,**

નકલ રવાના: જિલ્લા શિક્ષણાધિકારી, સુરત(તમામ શાળાને જાણકરવા બાબત)

**Regi.off.:-** 903- Akashdarshan Appt. Nr. Shrenik park society Opp.-Prime arcade, AM road Adajan, Surat-395009, Tel. No. 9428394566, E-mail: jbfsurat2005@gmail.com
**Regi**.no.:Guj./2288/surat & F.2182/surat, Date:29.10.2005

## DCSC અને શાળાની મુલાકાત માટે નોંધણી ફોર્મ (Registration Form for Visit)

| | | | |
|---|---|---|---|
| શાળાનું નામ (પ્રાથ./માધ્ય)/ સરનામું | | | |
| શાળાના આચાચાર્યનું નામ: | | કોન્ટેક્ટ નં. | |
| સાથે આવનાર મુખ્ય શિક્ષકનું નામ | | કોન્ટેક્ટ નં. | |
| મુલાકાત તારીખ | | સમય | |
| વિધાર્થીઓની સંખ્યા: | | ધોરણ | |
| વિશેષ નોંધ; | | | |

અગત્યની સૂચનાઓ:

1. મુલાકાતીઓ માટે કોઈ ફી રાખવામાં આવેલ નથી(નિશુલ્ક રહેશે),
2. શાળાઓએ વિધાર્થીઓને પોતાના સ્વખર્ચે લાવવાના રહેશે, જરૂર લાગે તો DEO કચેરીની મંજુરી મેળવી લેવાની રહેશે,
3. લોક વિજ્ઞાન કેન્દ્ર/ શાળાની મુલાકાત સોમવારથી શનિવાર સવારે ૯ થી ૧૨.૦૦ અને બપોર પછી ૩ થી ૬ વાગ્યાના સમયગાળામાં આવી શકાશે...
4. આ શાળા સંકુલ વરીયાવથી ૪ કી.મી અને સારોલી બ્રીજથી ૪ કિમી અંતરે આવેલ છે, લોકેશન લીંક https://maps.app.goo.gl/XFw2YojsdAAz2jAx9 છે
5. મુલાકાત એક ગ્રુપમાં ૧૦૦ થી ૧૫૦ વિધાર્થીઓની માર્યાદિત સંખ્યા લાવવાના રહેશે
6. જો શાળા તરફથી અગાઉથી જાણ કરવામાં આવશે તો વિધાર્થીઓ માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવશે, પણ તેનો ચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે,
7. મુલાકાત દરમ્યાન શાળા સંકુલમાં શાંતિ અને શિસ્ત જાળવવાની રહેશે, શાળામાં બાળકો દ્વારા કોઈ પણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તેનો ચાર્જ અલગથી ચૂકવાનો રહેશે
8. આ મુલાકાત બાળકો માટે વિજ્ઞાન, કૃષિ, પશુપાલન, પર્યાવરણ માટેની પ્રાકૃતિક અભ્યાસ શિબિર બની રહેશે.

શાળાના આચાર્યશ્રીના સહી/સિક્કા

**Regi.off.**:- 903- Akashdarshan Appt. Nr. Shrenik park society Opp.-Prime arcade, AM road Adajan, Surat-395009, Tel. No. 9428394566, E-mail: jbfsurat2005@gmail.com
**Regi**.no.:Guj./2288/surat & F.2182/surat, Date:29.10.2005